# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૯૦ નવા કેસ

## ૧૬૩ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફર્યા : રાજ્યમાં મૃતાંક વધીને ૪૪૯ : અમદાવાદમાં ૨૬૯ કેસ

ગાંધીનગર,તા.૮

ગુજરાતભરમાં આજે કોરોનાના ૩૯૦ નવા કેસો નોંધાયા હતા. સરકારે અનેક પગલા લીધા હોવા છતાં કેસો અવિરતપણે વધી રહ્યા છે. સરકાર ભારે ચિંતિત બનેલી છે. અમદાવાદ શહેરમાં પણ સંપૂર્ણ લોકડાઉન હોવા છતાં પણ કેસોની સંખ્યા સતત વધી રહી છે. ૧૬૩ દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે ફર્યા છે જ્યારે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૪૪૯ પર પહોંચી ચુક્યો છે. માહિતી આપતા આરોગ્ય અગ્રસચિવ જ્યંતિ રવિએ માહિતી આપી હતી. નવા નોંધાયેલા ૩૯૦ કેસોમાં અમદાવાદમાં ૨૬૯ જ્યારે સુરત અને વડોદરામાં ૨૫-૨૫ કેસ તો અરવલ્લીમાં ૨૦ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૭૪૦૩ થઈ છે. જ્યારે મૃત્યુઆંક ૪૪૯એ પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યારસુધીમાં કુલ ૧૮૭૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પ્રવર્તમાન કોરોના-કોવિડ-૧૯ની સ્થિતીમાં ગુજરાતમાં માર્ગદર્શન માટે શ્રેષ્ઠ તબીબોની ટીમ મોકલવા કરેલી રજૂઆતનો ગૃહ મંત્રીએ સફળ પ્રતિસાદ આપ્યો છે.

**એમ્સ નવી દિલ્હીના ડાયરેક્ટર અને વરિષ્ઠ તબીબ ડો. રણદીપ ગુલેરીયા અને ડો. મનીષ સુનેજા આજે શુક્રવાર રાત્રે અમદાવાદ પહોંચશે. આ તબીબો આવતીકાલ શનિવારે સિવીલ હોસ્પિટલ કેમ્પસની કોવિડ-૧૯ હોસ્પિટલ અને એસ.વી.પી હોસ્પિટલની મૂલાકાત લેશે**

એમ્સ નવી દિલ્હીના ડાયરેક્ટર અને વરિષ્ઠ તબીબ ડૉ. રણદીપ ગુલેરીયા અને ડૉ. મનીષ સુનેજા આજે શુક્રવાર રાત્રે અમદાવાદ પહોંચશે. આ તબીબો આવતીકાલ શનિવારે સિવીલ હોસ્પિટલ કેમ્પસની કોવિડ-૧૯ હોસ્પિટલ અને એસ.વી.પી હોસ્પિટલની મૂલાકાત લેશે. આ બન્ને વરિષ્ઠ તબીબો ગુજરાતમાં કોરોનાગ્રસ્તોની સારવાર કરતા તબીબો, પેરામેડિકલ સ્ટાફ તેમજ દર્દીઓ સાથે વાતચીત કરીને જરૂરી સલાહ અને માર્ગદર્શન પૂરૂં પાડશે. રાજ્યમાં લોકડાઉનની સ્થિતિ અંગે રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું કે, ખોટા પાસ લઈને ફરશો તો કડક કાર્યવાહી કરવામાં આવશે. લોકો પાસ વિના અન્ય જિલ્લામાં ન જાય. તેમજ પાન મસાલાનું ગેરકાયદે વેચાણ કરશો તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

સોશિયલ મીડિયામાં અફવા ફેલાવવા બદલ ૬૯૩ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. ગાંધીનગર એસટી ડેપો ખાતેથી આજે સવારે ફરી એકવાર પરપ્રાંતીય શ્રમિકોને એસટી બસ દ્વારા સાબરમતી રેલવે સ્ટેશનથી ઉત્તર પ્રદેશ મોકલાયા હતા. પરંતું આ વખતે ૧૦૦ કરતાં પણ વધારે શ્રમિકો ઑન લાઈન બુકિંગ વિના રઝળી પડયાં હતાં. પરિવાર અને માલસામાન સાથે કલાકો સુધી રઝળપાટ કરતાં આ પરિવારો કોઈ અધિકારી નહી હોવાથી પોલીસને ઘણી આશાઓ સાથે પ્રશ્ન પૂછતાં હતાં. સાહેબ અમને ઑનલાઈન પાસનું આવડતું નથી. હવે અમને નહી લઈ જાય, સાહેબ કાંઈક કરોને, કોરોનાનાં કહેરથી બચીને રોજીરોટી માટે વતનની વાટ પકડવાં આ શ્રમિકો નાછૂટકે એક ખાનગી ડાલામાં રવાના થયા હતા.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૫૨૬૦ | ૩૪૩ | ૧૦૦૧ |
| વડોદરા | ૪૬૫ | ૩૧ | ૧૯૮ |
| સુરત | ૮૨૪ | ૩૮ | ૩૮૯ |
| રાજકોટ | ૬૪ | ૧ | ૨૬ |
| ભાવનગર | ૮૪ | ૬ | ૨૩ |
| આણંદ | ૭૭ | ૬ | ૪૬ |
| ભરૂચ | ૨૭ | ૨ | ૨૫ |
| ગાંધીનગર | ૯૭ | ૫ | ૨૦ |
| પાટણ | ૨૪ | ૧ | ૧૫ |
| પંચમહાલ | ૫૭ | ૩ | ૬ |
| બનાસકાંઠા | ૭૫ | ૨ | ૨૫ |
| નર્મદા | ૧૨ | ૦ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૧૪ | ૦ | ૧૩ |
| કચ્છ | ૭ | ૧ | ૫ |
| મહેસાણા | ૪૨ | ૧ | ૮ |
| બોટાદ | ૫૧ | ૧ | ૧૧ |
| પોરબંદર | ૩ | ૦ | ૩ |
| દાહોદ | ૧૯ | ૦ | ૨ |
| ગીર-સોમનાથ | ૪ | ૦ | ૩ |
| ખેડા | ૨૭ | ૧ | ૩ |
| જામનગર | ૧૬ | ૧ | ૦ |
| મોરબી | ૧ | ૦ | ૧ |
| સાબરકાંઠા | ૧૭ | ૨ | ૩ |
| અરવલ્લી | ૬૭ | ૨ | ૧૪ |
| મહીસાગર | ૪૩ | ૧ | ૭ |
| તાપી | ૨ | ૦ | ૨ |
| વલસાડ | ૬ | ૧ | ૪ |
| નવસારી | ૮ | ૦ | ૫ |
| ડાંગ | ૨ | ૦ | ૧ |
| સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૪ | ૦ | ૦ |
| જુનાગઢ | ૨ | ૦ | ૦ |
| અન્ય રાજ્ય | ૧ | ૦ | ૦ |
| **કુલ** | **૭૪૦૩** | **૪૪૯** | **૧૮૭૨** |

# લોકડાઉનમાં મોડાસામાં તસ્કરોનો તરખાટ

## સોના-ચાંદી નહિ ફ્લોર ફેક્ટરીમાંથી મરચું હળદરની લૂંટ, સાયકલ સ્ટોરમાંથી ૨૫ હજારની ચોરી

મોડાસા, તા. ૮

મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં લોકડાઉનનું



કડકપણે પાલન કરાવવા પોલીસ મથામણ કરી રહી છે. લોકડાઉનમાં પાન-મસાલા અને કરિયાણાની ચોરીની નાની મોટી ઘટનાઓ બની રહી છે. કોરોનાની મહામારી વચ્ચે હવે સોના-ચાંદીની કે રૂપિયાની નહીં પરંતુ મરચું હળદરની તસ્કરીનો મામલો સામે આવ્યો છે. મોડાસાના નવજીવન ચોક પાસે આવેલ ફ્લોર ફેક્ટરીમાં મરચાં હળદર અને મસાલાની ચોરી થતા લોકોમાં કુતુહલ ફેલાયું છે. લોકડાઉન વચ્ચે લોકો અનાજ, કરિયાણાની અને મસાલાની મોટાપાયે ખરીદી કરતા હોય ત્યારે રાત્રી દરમિયાન તસ્કરો દુકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ફ્લોર ફેક્ટરીમાંથી પાંચ હજાર રૂપિયાના મરચું, હળદર અને મસાલાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

મોડાસા બસસ્ટેન્ડ નજીક આવેલી લિઓ પોલીસ ચોકીથી ૧૦૦ મીટરના અંતરે આવેલ દાદુ શોપિંગ સેન્ટરમાં કુમાર સાયકલ સ્ટોર્સ નામની દુકાનમાં તસ્કરો ત્રાટકી શટરના તાળા તોડી દુકાનના કાઉન્ટરમાં તોડફોડ કરી કાઉન્ટરમાં રહેલા ૨૫ હજાર રોકડા ચોરી તસ્કરો પલાયન થઈ જતા દુકાન મલિક સહીત શોપિંગ સેન્ટરમાં આવેલી અન્ય દુકાનધારકોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં નાની -મોટી ચોરી ની ઘટનાઓમાં વધારો થયો છે.

## ધનસુરામાં શાકભાજી અને કરિયાણાના વેપારીઓને હેલ્થ કાર્ડ ઈસ્યુ કરાયા



ધનસુરા ગ્રામ પંચાયત ધ્વારા શાકભાજી અને કરિયાણા ના વેપારીઓને હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા.ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા કોરોનાને લઈને સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે ત્યારે ગ્રામ પંચાયત અને આરોગ્ય ટીમ ધ્વારા શાકભાજી અને કરિયાણા ના વેપારીઓને હેલ્થ સ્ક્રિનીંગ કરી હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. આ કાર્ડની મુદત એક અઠવાડિયાની રહેશે. ત્યાર બાદ ફરી હેલ્થ સ્ક્રિનીંગ કરવામાં આવશે અને ત્યારબાદ જ ફરી આ હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. જેમાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ, તલાટી કમમંત્રી મહેશભાઈ પ્રજાપતિ, પ્રદીપભાઈ ભાવસાર, અર્પણભાઈ પટેલ, પંકજભાઈ, આકાશભાઈ, ગોપાલભાઈ અને આરોગ્ય વિભાગમાંથી ચિંતલબેન પટેલ, ભગવતીબેન ઉપસ્થિત રહ્યા હતા.

**મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે મુખ્યમંત્રીને પત્ર લખ્યો**

# ગરીબ, મધ્યમ વર્ગના લોકોના વીજબીલ, સ્કૂલ ફી અને વિવિધ વેરા માફ કરવા માંગ

સમગ્ર દેશ અને રાજ્ય કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે વ્યથિત છે અને લાખો લોકો તેનાથી પીડિત છે. કોરોનાના કહેરથી બચવા સરકાર દ્વારા ત્રીજા તબક્કાનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે લોકડાઉનના કારણે ધંધા રોજગાર ઠપ બનતા ગરીબ અને મધ્યમવર્ગના લોકોની આર્થિક પરિસ્થિતિ દયનીય બની છે ત્યારે ગુજરાતના તમામ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને વીજબીલ, પાણ વેરો, મિલકત વેરો અને સ્કૂલ ફી માફ કરાવવા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી માંગ કરી છે રાજ્યના કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોની માંગ ફળે છે કે નહિ તે જોવું રહ્યું

લોકડાઉનના કારણે રાજ્યમાં હજ્જારો લોકો ભુખ્યા રહે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર હાલ તો ગરીબ અને મધ્યમવર્ગીય



લોકોની વ્હારે આવ્યા છે અને સરકારને તમામ બીલ માફ કરવાની અપીલ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ રાજયમાં કોરોના મહામારીને હરાવવા સમગ્ર દેશમાં લોકડાઉનનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે લોકોડાઉન ચાલી રહયુ હોવાથી લોકોના વેપાર-ધંધા બંધ છે. જેથી હાલ લોકો પાસે આવકનું કોઇ સાધન નથી. આવા સંજોગોમાં શ્રીમંત વર્ગના લોકોને વીજબીલ આવે તો તે ભરવું પોષાય છે જયારે આવી પરિસ્થિતિમાં ગરીબ અને મધ્યગમ વર્ગના લોકોને વીજ બીલ ભરવું આકરૂ પડે છે. કારણ કે, આવા વર્ગના ઘરોમાં કમાતા લોકો એક-બે હોય જયારે ખાવા વાળા પાંચેક લોકો હોય છે. તો આવા સમયે રોજે-રોજનું કમાઈ ખાતા લોકો વીજ બીલ ભરે કે પછી પેટ ભરવાનું કરે...? આવી કપરી પરિસ્થિતિમાં લોકડાઉન હજુ કેટલો સમય લંબાશે જેની સરકાર કે લોકો કોઈને ખબર નથી તો બીજી તરફ આ મહામારી પણ રાજયમાં કોરોનાનો કહેર યથાવત રહેતા લોકોમાં ભય જોવા મળી રહ્યો છે.

# ઊંઝા ખાતે મહિલા કોલેજ પાસે એક વ્યક્તિનો ગળુ દબાવી હત્યા

ઊંઝા, તા. ૮

ઊંઝા ખાતે મહિલા કોલેજ પાસે આવેલ મધુકુંજ સોસાયટીના એક મકાનમાં રહેતા વ્યક્તિની ગળુ દબાવીને હત્યા કરવામાં આવી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી સાથે ચકચાર જાગી છે. ઉંઝા ખાતે મુખ્ય જાહેર રાજમાર્ગ પરના સરદાર ચોક વિસ્તારમાં મહિલા કોલેજથી આગળના ભાગે સોસાયટીઓનો મોટો વિસ્તાર છે. જેમાં મહિલા કોલેજ પાસે આવેલ મધુકુંજ સોસાયટીના એક મકાનમાં રહેતા જગદીશભાઈ હરીભાઈ પટેલ પોતાના રહેણાંક મકાનમાં હાજર હતા ત્યારે અજાણ્યા ઈસમે આ મકાનમાં પ્રવેશીને તેમનું ગળુ દબાવી હત્યા કરી દીધી હતી.

આ બાબતે મરણ જનાર વ્યક્તિના ભાઈ રશ્મિકાંતભાઈ હરીભાઈ પટેલ રહે. મહેસાણાની ફરિયાદના આધારે ઉંઝા પોલીસે ખૂનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન આ ફરિયાદમાં જણાવાયું છે કે મૃતક પાસેથી ખેરાલુ તાલુકાના એક ગામના ઈસમે નાણાં લીધા હતા. જેના બદલામાં સકદારની જમીન લખાવી દીધેલ હોઈ બંને વચ્ચે મનદુઃખ ચાલતુ હોવાથી શકદાર ઉપર શક વહેમ છે. આમાં શકદાર આરોપી તરીકે ચૌધરી માનસંગભાઈ લવજીભાઈ રહે. સયોજા, તા. ખેરાલુ દર્શાવેલ છે. આ ઉપરાંત અજાણ્યા ઈસમોનો પણ ઉલ્લેખ કરાયેલ છે. લોકડાઉનમાં જ હત્યાનો બનાવ બનતા લોકોમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.



**મહેસાણાથી શ્રમિકોને લઈને ખાસ ટ્રેન સોનભદ્ર (યુપી) જવા રવાના**

જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલે જણાવ્યુ હતુ કે મહેસાણા જિલ્લામાંથી આઠ હજાર જેટલા શ્રમિકોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ શ્રમિકોને આયોજનબદ્ધ રીતે તેમના વતન પહોંચાડવા માટે વહીવટીતંત્ર કટીબદ્ધ બન્યું છે. જિલ્લા કલેક્ટરે ઉમેર્યુ હતુ કે શ્રમિકોને મુશ્કેલી ન પડે તે માટે કડીથી મહેસાણા એસ.ટી. બસ દ્વારા લાવવા માટે ખાસ આયોજન કરાયુ હતુ. આ ઉપરાંત આગામી સમયમાં છત્તીસગઢ (બિલાસપુર), મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ માટે ટ્રેન મોકલવાનું ખાસ આયોજન કરાઈ રહ્યુ છે. જિલ્લામાં ગુરૂવારના રોજની પ્રથમ ટ્રેન શ્રમિકોને તેમના વતન જવા માટે સોનભદ્ર (ઉત્તરપ્રદેશ) રવાના કરવામાં આવી છે. મહેસાણાથી સવારે ૭.૩૦ કલાકે ઉપડેલી ટ્રેન ૧૪૪૧ કિલોમીટરનું અંતર કાપી ૨૪ કલાકમાં સોનભદ્ર પહોંચશે.

# મોડાસામાં ફરસાણની દુકાનોમાંથી અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

મોડાસા, તા. ૮

સમગ્ર ભારત દેશમાં એક માસ ઉપરાંતના સમયગાળાથી લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ઘણાં લાંબા સમયથી ફરસાણની દુકાનો બંધ રહેતા દુકાનોમાં સ્ટોક કરાયેલ વિવિધ ફરસાણની વાનગીઓ તથા



મિઠાઈઓનો નાશ કરવા અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા આદેશ કરાયો છે. જે અંતર્ગત જિલ્લાના મોડાસા ખાતે આવેલ વિવિધ ફરસાણની દુકાનોમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે રેડ કરી અખાદ્ય જથ્થાનો નાશ કર્યો હતો. અરવલ્લી જિલ્લામાં આવેલ તમામ નગરપાલિકાને પોતપોતાના વિસ્તારની ફરસાણની દુકાનોમાં રહેલ અખાદ્ય વાનગીઓનો નાશ કરવાના આદેશ કરાયા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર ફરસાણની દુકાનોમાં ત્રાટકતા નગરપાલિકા સેનેટરી વિભાગના કર્મચારીઓ ફૂડ એન્ડ ડ્રગ્સની કામગીરીમાં જોતરાયા હતા.

અરવલ્લી જિલ્લામાં ૨૧ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે અને બે વ્યક્તિઓનુ કોરોના થી મોત નીપજયુ છે. અરવલ્લી જીલ્લો રેડ ઝોનમાં આવી ગયો છે તેમ છતાં મોડાસા શહેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડા થાય તેવા ખાદ્ય પદાર્થોનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. લોકડાઉનનો બીજો તબક્કો પૂર્ણ થતા હવે આગામી ૧૭ મે સુધી લોકડાઉન લંબાવાયું છે ત્યારે લોકડાઉનને પગલે અરવલ્લી જિલ્લામાં આવેલ તમામ ફરસાણની દુકાનો છેલ્લા એક માસ ઉપરાંતના સમયથી બંધ છે. જો કે આ દુકાનોમાં છેલ્લા ઘણાં દિવસોથી સ્ટોક કરાયેલ ફરસાણની વિવિધ વાનગીઓ તેમજ મિઠાઈનો જથ્થો જાહેર આરોગ્ય માટે જોખમી હોય અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાની તમામ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ફરસાણની દુકાનોમાં રહેલ ફરસાણની વાનગીઓ તેમજ મિઠાઈનો નાશ કરવાના આદેશ કરાયા છે.

ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા મોડાસા શહેરમાં આવેલી વિવિધ ફરસાણની દુકાનોમાં રેડ પાડી ૧૦ થી વધુ દુકાનો ખાતે સઘન તપાસ હાથ ધરી ફરસાણની વાનગીઓ, મિઠાઈ તથા શ્રીખંડનો અખાદ્ય જથ્થો ઝડપી પાડી નાશ કરવામાં આવ્યો છે. લોકડાઉનના દરમ્યાન કે લોકડાઉન બાદ કોઈક વેપારી દ્વારા અખાદ્ય જથ્થાનું વેચાણ ન થાય અને જાહેર આરોગ્ય જળવાય તે હેતુથી જિલ્લા કલેક્ટર દ્વારા અરવલ્લી જિલ્લામાં આવેલ તમામ ફરસાણની દુકાનો ખાતેથી અખાદ્ય જથ્થાનો નાશ કરવાના આદેશ કરાયા છે.

## સારવારથી સ્વસ્થ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અગ્રવાલે જણાવ્યું હતું કે અમે કોઈ સાવચેતી રાખવાનું બંધ કરીશું ત્યારથી કોરોનાનો ફાટી નીકળવાનું શરૂ થઈ જશે. જો આપણે સામાજિક અંતર, ક્લિનિકલ મેનેજમેન્ટ, વગેરેનું પાલન કરવાનું ચાલુ રાખીએ, તો શક્ય છે કે દેશમાં કોરોના ચેપનું શિખર સ્તર ન આવે. તેમણે એલિસના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાના એ નિવેદનમાં પૂછેલા સવાલ પર આ કહ્યું હતું જેમાં ગુલેરિયાએ કહ્યું હતું કે, જુલાઇ-જુલાઈમાં ભારતમાં કોરોના સંકટ ટોચની સપાટીએ પહોંચી શકે છે. અગ્રવાલે કોવિડ -૧૯ રોગચાળા સાથેના વ્યવહારમાં રેલ્વેના યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે માહિતી આપી કે ભારતીય રેલ્વેએ કોવિડ કેર સેન્ટરોમાં ૫,૨૩૧ કોચને રૂપાંતરિત કર્યા છે. તેમને ૨૧૫ ચિહ્નિત રેલ્વે સ્ટેશન પર મૂકવામાં આવશે. આ કોચમાં ફક્ત ઘણી હળવા અને હળવા કેસની સારવાર કરવામાં આવશે. તેમજ શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસો અલગ કોચમાં રાખવામાં આવશે. અગ્રવાલે કહ્યું, 'રેલ્વે ૨૧૫ સ્ટેશનોમાંથી ૮૫ સ્ટેશનો પર હેલ્થકેર સ્ટાફ પણ આપશે. બાકીના ૧૩૦ સ્ટેશનો પર, સંબંધિત રાજ્ય સરકારો સ્ટાફ અને જરૂરી દવાઓ પ્રદાન કરશે. રેલવેએ કોવિડ -૧૯ દર્દીઓની સારવાર માટે ૨,૫૦૦ ડોક્ટરો અને ૩૫ હજાર પેરા મેડિકલ સ્ટાફની નિમણૂક કરી છે.

# હવે, શિક્ષકો કોરોના વોરિયર્સ

## રાજ્ય સરકાર કોરોનાના કહેરમાં પ્રાથમિક શિક્ષકોને કોવીડ આર્મી તરીકે મેદાનમાં ઉતારશે..!!!

રાજ્યમાં કોરોનાને પહોંચી વળવા માટે શિક્ષણ સચિવ વિનોદ રાવનો શિક્ષક સંઘો સાથે પરામર્શ કરી દરેક જિલ્લામાંથી ૧૦૦૦ જેટલા શિક્ષકોને કોવીડ આર્મી તરીકે જોડવામાં આવશે અને કોવીડ આર્મી તરીકે જોડાનાર શિક્ષકોને કોવીડ આર્મીની તાલીમ આપવામાં આવશેની રાજ્યના વડોદરા અને પંચમહાલ જીલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાલીમ માટે પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં તમામ જિલ્લામાં આ પ્રકારે શિક્ષકોની કોવિંદ આર્મી તૈયાર કરવામાં આવશે. જેના માટે શિક્ષણ સચિવે વીડિયો કોન્ફરન્સથી રાજ્યના શિક્ષક સંઘો સાથે પરામર્શ કર્યો હોવાની માહિતી શિક્ષણસૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

રાજ્યમાં કોરોના સામે લડવા સરકારી તંત્ર દોઢ મહિનાથી દોડાદોડી કરી રહ્યું છે, કોરોનાનું સંક્રમણ રાજ્યમાં વધતા કોરોના કેસને ધ્યાને લઈ આગામી જૂન માસથી રાજ્યમાં દરેક જીલ્લામાં પ્રાથમિક શિક્ષકોને કોરોના વોરિયર્સ તરીકે મેદાનમાં ઉતારવા માટે રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગે તૈયારીઓ આદરી દીધી છે અને કોવીડ-૧૯ આર્મી તરીકે શિક્ષકોને જીલ્લામાં તાલીમ પણ આપવાની શરુ કરવામાં આવશે. ઉનાળુ રજાઓ પછી દરેક શહેર અને જિલ્લામાં આરોગ્યતંત્રને ટેકો આપવા શિક્ષકોની કોવીડ આર્મીની રચના કરવામાં આવશે. તાલીમમાં જોડાનારા શિક્ષકોને જરૂર જણાય ત્યાં એમના આરોગ્યની સલામતી માટે માસ્ક, પીપીઈ કીટ આપવા જેવી સુરક્ષા તકેદારીઓ લેવામાં આવશે.

અરવલ્લી જીલ્લામાં કોવીડ આર્મી તરીકે મેદાનમાં ઉતારવા માટે જીલ્લા અને તાલુકાકક્ષાએથી જૂથ પ્રમાણે ૨૦ થી ૫૦ વર્ષ સુધી ઉંમરના પ્રાથમિક શિક્ષકોના ૧૦-૧૦ નામ અને તાલુકામાંથી ૧૫૦ શિક્ષકોના નામ કોરોના વોરિયર્સ તરીકે જોડાવવા મોકલી આપવા જણાવ્યું છે જેમાં દિવ્યાંગ અને મહિલા શિક્ષકોને કોવીડ આર્મીમાંથી સમાવેશ નહિ કરવાની તાકીદ કરવામાં આવી છે.

## કચડાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શરીર પરથી પસાર થતાં ઓછામાં ઓછા ૧૫ શ્રમિકોના શરીરના ટુકડે ટુકડા થઈ ગયા હતા. કેટલાક ઘાયલ થયા હતા. પોતાની સાથેના શ્રમિકોના લોહીથી લથબથ અને ક્ષતવિક્ષત શરીરના અંગો જોઈને બચી ગયેલા સાવ દિગ્મૂઢ બની ગયા હતા અને એક પળમાં શું બની ગયું તે વિચારે તે પહેલા તો કેટલીય જિંદગીઓ કોરોના લોકડાઉન ખતમ થાય તે પહેલા ખતમ થઈ ગઈ હતી. આ શ્રમિકો એમ માનીને રેલવેના પાટા ઉપર સૂઈ ગયા કે લોકડાઉનમાં રેલવે બંધ છે તેથી રેલગાડી આવવાની તો કોઈ શક્યતા છે જ નહીં અને તેથી તેઓ સલામત છે. પરંતુ કાળનું કરવુ કે પેસેન્જર ટ્રેન તો નહીં પણ ગુડઝ ટ્રેન તેમના પર ફરી વળી હતી.

આ ઘટના કે દુર્ઘટનાની વિગતો પ્રમાણે, મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં રેલવે ટ્રેક પર ૧૬ પ્રવાસી મજૂરો માલગાડીમાં આવી જતા મોત થયા છે. તમામ મજૂર મધ્યપ્રદેશ જઈ રહ્યા હતા. દુર્ઘટના ઔરંગાબાદની પાસે આવેલા કરમાડ સ્ટેશન પાસે બની હતી. ઘટના એ વખતે બની જ્યારે મજૂર રેલવે ટ્રેક પાસે સૂઈ રહ્યા હતા. બે લોકો ઘાયલ થયા છે.

રેલવે મંત્રાલયે જણાવ્યું કે, ઘટના બદનાપુર અને કરનાડ સ્ટેશન વચ્ચેની છે. આ વિસ્તાર રેલવેના પરમણી- મનમાડ સેક્શનમાં આવે છે. શુક્રવાર સવારે ઘણા મજૂરો રેલવે ટ્રેક પર સૂતા હતા. માલગાડીના ડ્રાઈવરે તેમને જોઈ લીધા હતા, બચાવવાના પ્રયાસ પણ કર્યા, પણ દુર્ઘટના બની ગઈ હતી. કેસની તપાસના આદેશ આપી દેવાયા છે.

આ બધા મજૂર મધ્યપ્રદેશના ઉમરિયા અને શાહદોલ જિલ્લાના રહેવાસી હતા જેઓ તેમના ઘરે પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત ઔરંગાબાદના કરમાડ નજીક સવારે ૫.૧૫ વાગ્યે થયો હતો, જેમાં ૧૪ મજૂર મૃત્યુ પામ્યા હતા, જ્યારે બે અન્ય ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કરમાડ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ એજન્સીને જણાવ્યું હતું કે, આ તમામ મજૂરો જલાનાથી ભુસાવલ જઈ રહ્યા હતા. બધા કામદારો મધ્યપ્રદેશમાં તેમના ઘરે પરત ફરી રહ્યા હતા. અધિકારીએ વધુમાં માહિતી આપી હતી કે આ લોકો રેલ્વે ટ્રેક ઉપર ચાલતા હતા. તે જ સમયે, થાકને કારણે, આ લોકો રેલ્વે ટ્રેક પર સૂઈ ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ગંભીર દુર્ઘટના પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે રેલવે મંત્રી પીયૂષ ગોયલ સાથે વાત કરી હતી. સ્થિતિ પર નજર રાખવામાં આવી છે. દરેક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, એવી ખાતરી આપી હતી.